# કોર્પોરેશનના પશુ આશ્રય કેન્દ્રો હવે ખાનગી હાથોમાં
# વાર્ષિક ૧.૧૫ કરોડના ખર્ચે સંચાલન સોંપાશે

**ખટંબા-૧** માટે રૂ. ૬૫.૩૮ લાખ અને ખાસવાડી માટે રૂ. ૫૦.૫૨ લાખના નીચા ભાવ આપનાર ટ્રસ્ટને કામગીરી આપવાની તૈયારી



(પ્રતિનિધિ) વડોદરા

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના રખડતા અને બિનવારસી પશુઓના વ્યવસ્થાપન માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોર્પોરેશન હસ્તક ચાલતા ખટંબા-૧ અને ખાસવાડી પશુ આશ્રય કેન્દ્રોનું દૈનિક સંચાલન અને દેખરેખ હવે આઉટસોર્સિંગથી કરાવવામાં આવશે. આ બંને પશુ આશ્રય કેન્દ્રોની સમગ્ર કામગીરી ખાનગી સંસ્થાને સોંપવા માટે વાર્ષિક રૂ. ૧.૧૫ કરોડથી વધુનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. આ અંગેની આખરી મંજૂરી માટેની દરખાસ્ત કોર્પોરેશનની સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે.

કોર્પોરેશન દ્વારા ખટંબા-૧ પશુ આશ્રય કેન્દ્ર ખાતે આશ્રય મેળવતા પશુઓની યોગ્ય દેખરેખ, પીવાના પાણી અને ચારાની વ્યવસ્થા, સ્વચ્છતા, પશુઓની સારસંભાળ, બીમાર પશુઓની સારવાર તેમજ રખડતા પશુઓને પકડવા અને તેમને એક સ્થળેથી બીજા સ્થળે સુરક્ષિત રીતે ખસેડવા સહિતની તમામ દૈનિક કામગીરી આઉટસોર્સિંગથી કરાવવા માટે જાહેર નિવિદા પ્રસિદ્ધ કરવામાં આવી હતી. આ ટેન્ડર પ્રક્રિયામાં બે સંસ્થાઓએ રસ દાખવ્યો હતો. જે પૈકી વડોદરાના નાની ખારવાવાડ ખાતે આવેલ 'માધુરી એજ્યુકેશન ટ્રસ્ટ' દ્વારા અંદાજિત રકમ કરતાં ૫.૨૫ ટકા ઓછા ભાવે વાર્ષિક રૂ. ૬૫.૩૮ લાખનું સક્ષમ ભાવપત્રક રજૂ કરવામાં આવ્યું હતું.

આ જ રીતે કોર્પોરેશન હસ્તકના ખાસવાડી પશુ આશ્રય કેન્દ્રની દૈનિક કામગીરી અને સંચાલન માટે પણ આઉટસોર્સિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં પણ બે સંસ્થાઓએ ભાગ લીધો હતો. આ કામગીરી માટે પણ માધુરી એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા અંદાજિત રકમ કરતાં ૪.૯૭ ટકા ઓછા ભાવે વાર્ષિક રૂ. ૫૦.૫૨ લાખનું સૌથી નીચું ભાવપત્રક રજૂ કરવામાં આવ્યું હતું.

### સ્ટેન્ડિંગની મંજૂરી બાદ કામગીરીનો પ્રારંભ થશે

બંને પશુ આશ્રય કેન્દ્રોની કામગીરી માટે સૌથી ઓછો ભાવ રજૂ કરનાર એલ-૧ બિડર માધુરી એજ્યુકેશન ટ્રસ્ટને આ કામગીરી સોંપવા અંગેની વિધિવત દરખાસ્ત મંજૂરી અર્થે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મૂકવામાં આવી છે. સ્થાયી સમિતિ તરફથી લીલી ઝંડી મળ્યા બાદ તુરંત જ સંસ્થા દ્વારા બંને કેન્દ્રોનો હવાલો સંભાળીને દૈનિક કામગીરી શરૂ કરવામાં આવશે. આ નિર્ણયથી કોર્પોરેશનના પશુ આશ્રય કેન્દ્રોની કામગીરી વધુ સુચારુ અને વ્યવસ્થિત બનશે તેવી અપેક્ષા સેવાઈ રહી છે.

ઈ-બસ સેવા શરૂ થવા પૂર્વે જ વિવાદ

# ટિકિટ કલેક્શન માટે અંદાજ કરતાં વધુ કિંમતે કોન્ટ્રાક્ટ સોંપવાની કવાયત

**૫ વર્ષના** રૂ. ૨૪.૨૪ કરોડના અંદાજ સામે મહેસાણાની એજન્સીએ રૂ. ૨૬.૫૫ કરોડનો કોન્ટ્રાક્ટ માગ્યો; સ્થાયી સમિતિમાં દરખાસ્ત રજૂ



(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં શરૂ થનારી ઈ-બસ સેવાના સંચાલન તરફ એક મહત્વનું પગલું ભરવામાં આવ્યું છે. પીએમ ઈ-બસ સેવા યોજના હેઠળ વડોદરા કોર્પોરેશનને પ્રથમ તબક્કામાં મળનારી ૧૩૦ ઈલેક્ટ્રિક બસોના ટિકિટ અને રેવન્યુ કલેક્શનની કામગીરી માટે એજન્સી પસંદગીની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જોકે, આ ટેન્ડર પ્રક્રિયામાં મનપા દ્વારા મુકાયેલા અંદાજ કરતાં ૯.૪૯ ટકા વધુ ભાવ પ્રાપ્ત થતાં ચર્ચા જાગી છે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા દ્વારા આગામી પાંચ વર્ષ માટે ઈ-બસના ટિકિટ કલેક્શનની કામગીરીનો અંદાજિત ખર્ચ રૂ. ૨૪.૨૪ કરોડ નક્કી કરવામાં આવ્યો હતો. તેની સામે ટેન્ડરમાં ભાગ લેનારી એજન્સીઓમાંથી મહેસાણાની 'દિગ્વિજય એન્ટરપ્રાઈઝ' દ્વારા રૂ. ૨૬.૫૫ કરોડનું ભાવપત્રક રજૂ કરવામાં આવ્યું છે. આ ભાવપત્રક તંત્રના અંદાજ કરતાં આશરે રૂ. ૨.૩૧ કરોડ જેટલું વધુ હોવા છતાં, કંપની સૌથી ઓછો ભાવ આપનાર હોવાથી આ દરખાસ્ત આખરી મંજૂરી માટે કોર્પોરેશનની સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, આ ટેન્ડર પ્રક્રિયામાં એકંદર ત્રણ એજન્સીઓએ રસ દાખવ્યો હતો. કરારની શરતો અનુસાર, પસંદ થયેલી એજન્સીએ ઈ-બસો માટે કંડક્ટર અને આધુનિક ઈલેક્ટ્રોનિક ટિકિટિંગ મશીન તથા જરૂરી સોફ્ટવેર ઉપલબ્ધ કરાવવાના રહેશે. આ ઉપરાંત, મુસાફરો પાસેથી મેળવેલા ભાડાનું ટિકિટ કલેક્શન, દૈનિક રેવેન્યુનો હિસાબ-કિતાબ જાળવવો અને મશીનોની યોગ્ય જાળવણી કરવાની સંપૂર્ણ જવાબદારી એજન્સી શિરે રહેશે.

શહેરમાં પર્યાવરણપૂરક ઈ-બસ સેવા ઝડપથી શરૂ થાય તે માટે કોર્પોરેશન દ્વારા પ્રક્રિયા વેગવંતી બનાવવામાં આવી છે. હવે સ્થાયી સમિતિ દ્વારા અંદાજ કરતાં વધુ ભાવ ધરાવતી આ દરખાસ્તને મંજૂરી આપવામાં આવે છે કે કેમ તે જોવું મહત્વનું રહેશે.

દોઢ મહિનામાં જ કાફે બંધ કરી ભરૂચનું દંપતી રવાના

# કલાલીમાં કેફે ફ્રેન્ચાઈઝીનું સપનું બતાવી રૂ.૧૨.૫૦ લાખની છેતરપિંડી

**રૂ.૭ લાખ** ચેકથી લીધા, રૂ.૫.૫૦ લાખનું ફર્નિચર કરાવ્યું, ભરૂચનું દંપતી કાફે બંધ કરી રવાના

**દંપતી** વિરુદ્ધ ગોત્રી પોલીસમાં ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરાના કલાલી વિસ્તારમાં કાફેની ફ્રેન્ચાઈઝી શરૂ કરાવી સારી કમાણીની આશા જગાવી કોન્ટ્રાક્ટર પાસેથી રૂ.12.50 લાખનું રોકાણ કરાવ્યા બાદ દોઢ મહિનામાં જ કાફે બંધ કરી દંપતી રવાના થઇ ગયાનો કિસ્સો સામે આવ્યો છે. આ મામલે ભરૂચના દંપતી સામે ગોત્રી પોલીસ મથકે છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાઇ છે.

ગોત્રી વિસ્તારમાં રહેતા અને છેલ્લા 25 વર્ષથી કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા હેમલભાઇ કિશોરભાઇ મુન્શીની માંજલપુર ઈવા મોલ સામેના કોમ્પ્લેક્સમાં અવરજવર દરમિયાન હર્ષ પટેલ સાથે ઓળખાણ થઇ હતી. હર્ષ પટેલે તેમની ઓળખાણ સૌરભ હેમંતરાવ શેરે સાથે કરાવી હતી. સૌરભે કલાલી વિસ્તારમાં કાફેની ફ્રેન્ચાઇઝી રૂ.12.50 લાખમાં આપવાની તથા ફર્નિચર અને કામદારોની વ્યવસ્થા કરવાની વાત કરી હતી. ફરિયાદીએ ભરૂચમાં ચાલતું તેમનું અન્ય ફ્રેન્ચાઇઝી કાફે પણ જોયું હતું.

બાદમાં કલાલી ખાતે ફરિયાદીની દુકાનનું લોકેશન જોઇ શરતો નક્કી કરવામાં આવી હતી. તા.11 ડિસેમ્બર 2025ની આસપાસ ફરિયાદીએ અલગ-અલગ ચેકથી રૂ.7 લાખ ચૂકવ્યા હતા. કાફેની ડિઝાઇન મુજબ ફર્નિચર પાછળ આશરે રૂ.5.50 લાખ ખર્ચ્યા હતા. બંને વચ્ચે રૂ.300ના સ્ટેમ્પ પેપર પર નોટરી કરાર પણ થયો હતો.

તા.8 એપ્રિલ 2026ના રોજ ડિવાઇન ગેલેક્સીના જી-એફ/18 ખાતે કાફે શરૂ કરાયું હતું. જોકે, આશરે દોઢ મહિનામાં તા.22થી 25 મે દરમિયાન કાફે બંધ કરી સૌરભ શેરે અને તેમની પત્ની વૈભવી રવાના થઇ ગયા હતા. ફ્રેન્ચાઇઝીના નામે રૂ.12.50 લાખનું રોકાણ કરાવ્યા બાદ કાફે બંધ કરી દેવામાં આવતા હેમલભાઇએ ગોત્રી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસે દંપતી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ફરિયાદીએ કાફે શરૂ કરવા માટે કરેલા રોકાણ ઉપરાંત વ્યવસાય ચાલુ રહેશે અને આવક થશે તેવી આશા રાખી હતી. પરંતુ કાફે અચાનક બંધ થતાં તેમને મોટું આર્થિક નુકસાન થયું હતું.

દરવાજાને મારેલું લોક તૂટ્યું નહીં ચાવી વડે ખોલીને ચોરી કરી

# વાસણા રોડ પર વૃદ્ધાના ઘરમાંથી રૂ.૨.૯૦ લાખના દાગીનાની ચોરી

**જાણભેદુ** હોવાની આશંકા, પોલીસ દ્વારા કેરટેકર સહિતની પૂછપરછ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વાસણા રોડ વિસ્તારમાં એકલા રહેતા 76 વર્ષીય વૃદ્ધાના ઘરમાંથી રૂ.2.90 લાખના સોનાના દાગીના રહસ્યમય રીતે ગાયબ થઈ ગયા છે. ખાસ વાત એ છે કે ઘરનો દરવાજો કે તિજોરીનું લોક તૂટ્યું ન હોવાથી ચોરીનું રહસ્ય વધુ ઘેરાયું છે. પોલીસે કોઈ જાણભેદુ વ્યક્તિએ ચાવીથી તિજોરી ખોલી દાગીના ચોર્યા હોવાની આશંકા સાથે કેરટેકર સહિતના લોકોની પૂછપરછ શરૂ કરી છે.

વડોદરાના વાસણા રોડ સ્થિત વિશ્રામનગરમાં 76 વર્ષીય ઉમા નીલકંઠ ધાણેકર એકલા રહે છે. તેમના પતિનું વર્ષ 2022માં અવસાન થયું છે, જ્યારે તેમનો પુત્ર મુંબઈમાં પરિવાર સાથે રહે છે. વૃદ્ધાની મદદ માટે 24 જાન્યુઆરી, 2026થી અશ્વિની કચરે નામની મહિલાને કેરટેકર તરીકે રાખવામાં આવી હતી.

ફરિયાદ મુજબ, ઉમા ધાણેકરની નણંદ અલકા નાંદુરકરના સોનાના દાગીના છેલ્લા એક વર્ષથી તેમના ઘરની તિજોરીમાં રાખવામાં આવતા હતા. 10 ઓગસ્ટે અલકાબેને તિજોરીમાં દાગીના તપાસ્યા ત્યારે તમામ દાગીના સલામત હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ 28 ઓગસ્ટે રક્ષાબંધનના તહેવાર માટે દાગીના લેવા તેઓ ઘરે આવ્યા અને તિજોરી ખોલતાં દાગીના ગાયબ હોવાનું સામે આવ્યું હતું.

આ અંગે વધુ તપાસ કરતાં ઉમા ધાણેકરની બીજી તિજોરીમાં રાખવામાં આવેલા દાગીના પણ ગાયબ હોવાનું બહાર આવ્યું હતું. બંને તિજોરીમાંથી પાટલીની જોડી, કાનની બુટ્ટી, મંગળસૂત્ર, બોરમાળા, મોતીવાળી વીંટી સહિત રૂ.2.90 લાખની કિંમતના સોનાના દાગીના ચોરાયા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ચોરીની ઘટનામાં સૌથી મોટો સવાલ એ છે કે ઘરના દરવાજા અને બંને તિજોરીના લોક તૂટ્યા જ નથી. જેના કારણે કોઈ વ્યક્તિએ ચાવીનો ઉપયોગ કરીને તિજોરી ખોલી દાગીના ચોર્યા હોવાની આશંકા પોલીસે વ્યક્ત કરી છે. કેરટેકર અશ્વિની કચરેની દાગીના અંગે પૂછપરછ કરતાં તેમણે કોઈ જાણકારી ન હોવાનું જણાવ્યું હતું.

વૃદ્ધા એકલા રહેતા હોવાથી શરૂઆતમાં તેઓ પોલીસ સ્ટેશન સુધી ફરિયાદ કરવા જઈ શક્યા નહોતા. બાદમાં પુત્રને ઘટનાની જાણ થતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. સિનિયર સિટીઝનની ફરિયાદ હોવાથી પોલીસ તેમના ઘરે પહોંચી ફરિયાદ નોંધી હતી.

નવરાત્રી પહેલાં વડોદરા પોલીસે સુરક્ષા કવચ મજબૂત કર્યું

# ગરબા ગ્રાઉન્ડથી રેલવે સ્ટેશન સુધી SOGનું સરપ્રાઈઝ ચેકિંગ

**બોમ્બ-ડોગ** સ્ક્વોડ સાથે સઘન તપાસ



(પ્રતિનિધિ) વડોદરા તા.7

નવરાત્રી દરમિયાન હજારોની ભીડ એકત્ર થવાની હોવાથી વડોદરા શહેર પોલીસે સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવી છે. પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની સૂચનાથી SOGએ બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ સાથે વડોદરા સેન્ટ્રલ રેલવે સ્ટેશન સહિત યુનાઈટેડ-વે, વાઈબ્રન્ટ, સારા ફાઉન્ડેશન અને બીટા ગરબા ગ્રાઉન્ડ ખાતે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું.

SOG પીઆઇ ડી.જે. ચુડાસમાની આગેવાની હેઠળ ટીમે રેલવે સ્ટેશનના પ્રવેશ-નિર્ગમ સ્થળો, પાર્કિંગ, પાર્ક કરાયેલા વાહનો અને આસપાસના સામાનની ઝીણવટભરી તપાસ કરી હતી. ત્યારબાદ ચારેય મોટા ગરબા ગ્રાઉન્ડ તથા આસપાસના પાર્કિંગ વિસ્તારોમાં પણ શંકાસ્પદ વસ્તુઓ અને પ્રવૃત્તિઓ અંગે તપાસ કરવામાં આવી હતી.

નવરાત્રી દરમિયાન મોલ, શોપિંગ સેન્ટર, બગીચા, હોસ્પિટલ, સિનેમાઘર અને ગરબા સ્થળોએ ભીડ વધવાની હોવાથી આવા વિસ્તારોમાં પોલીસની નજર વધુ કડક રહેશે. સમગ્ર તહેવાર દરમિયાન SOGનું સરપ્રાઈઝ ચેકિંગ અને શહેર પોલીસનું સઘન પેટ્રોલિંગ ચાલુ રહેશે.

# માણેજામાં દોઢ ફૂટના મગરના બચ્ચાનું રેસ્ક્યુ



(પ્રતિનિધિ) વડોદરા તા.7

માણેજા વુડાના મકાન નજીક દોઢ ફૂટ લાંબું મગરનું બચ્ચું મળી આવતાં સ્થાનિકોમાં ભય ફેલાયો હતો. મકાન માલિક વિકાસ તેલંગે સેવ વાઇલ્ડલાઇફ ટ્રસ્ટના પ્રમુખ સંદીપભાઈને જાણ કરતાં સ્વયંસેવકો સ્થળે દોડી ગયા હતા. તપાસ દરમિયાન મગરનું બચ્ચું મળી આવતાં વન વિભાગના જિગ્નેશભાઈનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ટ્રસ્ટના સ્વયંસેવકો અને વન વિભાગની ટીમે સંયુક્ત રીતે સાવચેતીપૂર્વક મગરનું રેસ્ક્યુ કરી તેને સુરક્ષિત રીતે વન વિભાગને સોંપ્યું હતું. સંસ્થાએ નાગરિકોને વન્યજીવ કે સરિસૃપ દેખાય તો ગભરાયા વિના વન વિભાગ અથવા સંસ્થાનો સંપર્ક કરવાની અપીલ કરી છે.

લાઇસન્સ બતાવવાનું કહી બે ગઠિયાએ વીંટી-ચેઇન કઢાવી કાગળના પડીકામાં મુકાવી

# 'આગળ મર્ડર થયું છે' કહી પોલીસની ખોટી ઓળખ આપીને વૃદ્ધ ખેડૂતને લૂંટી લીધા

**નજર** ચૂકવી રૂ.2.50 લાખના દાગીના સેરવી પડીકીમા માવો મૂકી દીધો

(પ્રતિનિધિ) વડોદરા તા.7

છાણી-દુમાડ રોડ પર પોલીસની ખોટી ઓળખ આપી વૃદ્ધ ખેડૂતને લૂંટી લેતા વિસ્તારમા ચકચાર મચી ગઈ છે. આગળ મર્ડર થયું છે અને મર્ડરવાળી ગેંગ ફરે છે કહી બે ગઠિયાઓએ ખેડૂત પાસેથી સોનાની બે વીંટી અને ચેઈન કઢાવી કાગળના પડીકામાં મુકાવી હતી. ત્યારબાદ નજર ચૂકવી દાગીના કાઢી લઈ પડીકામાં માવો મૂકી બંને આરોપીઓ ફરાર થઈ ગયા હતા. છાણી પોલીસે લૂંટારાઓની શોધખોળ શરૂ કરી છે.

છાણી કાછીયાવાડના નાની કાછીયાવાડ ગામમાં રહેતા 62 વર્ષીય નગીનભાઈ જેઠાભાઈ પટેલ ખેતીકામ કરે છે. તા.6 ઓક્ટોબરના રોજ તેઓ એક્ટિવા પર છાણી-દુમાડ રોડ પર આવેલા કાળકા માતાજીના દર્શન કરવા ગયા હતા. ત્યારબાદ નહેરવાળા રસ્તેથી નેશનલ હાઈવે-48 ક્રોસ કરી ભારત પેટ્રોલ પંપ નજીક આવેલા હનુમાનજી મંદિરે દર્શન કરવા ગયા હતા. દર્શન કરી પરત ફરતી વખતે હેલીનિયમ કન્સ્ટ્રક્શન સાઈટ અને પ્લેટિનિયમ કન્સ્ટ્રક્શન સાઈટ વચ્ચેના રસ્તા પાસે બપોરે આશરે 11:30થી 11:45 વાગ્યાના અરસામાં બે અજાણ્યા ઈસમોએ તેમની એક્ટિવા અટકાવી હતી. એકે ચેકવાળો શર્ટ અને બીજાએ સફેદ શર્ટ પહેર્યો હતો. બંનેએ પોતાની ઓળખ પોલીસ તરીકે આપી હતી.

આરોપીઓએ નગીનભાઈને આગળ મર્ડર થયું છે તમને ખબર નથી? તમારું લાઈસન્સ બતાવો કહી બાદમાં મર્ડરની ગેંગ ફરે છે અને તમે ખેતરે સોનું પહેરીને જાવ છો કહી દાગીના ઉતારવા જણાવ્યું હતું. ગભરાયેલા નગીનભાઈએ હાથમાં પહેરેલી આશરે બે તોલાની બે સોનાની વીંટી અને ગળામાં પહેરેલી આશરે બે તોલાની સોનાની ચેઈન કિંમત રૂ.2.50 લાખ કાઢી હતી.

સફેદ શર્ટધારી શખ્સે દાગીના પેન્ટના ખિસ્સામાં નહીં મુકવા કહી કાગળનું પડીકું કાઢી તેમાં દાગીના મુકાવ્યા હતા. ત્યારબાદ પડીકું વાળી એક્ટિવા પરની થેલીમાં મૂકી નગીનભાઈને ત્યાંથી જવા કહ્યું હતું. થોડે દૂર ગયા બાદ નગીનભાઈએ પડીકું ખોલતાં તેમાં સોનાના દાગીનાની જગ્યાએ માવો મળી આવ્યો હતો. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા તેઓ તાત્કાલિક સ્થળ પર પરત ફર્યા હતા, પરંતુ બંને ગઠિયા ત્યાંથી ફરાર થઈ ગયા હતા.

નગીનભાઈએ સમગ્ર બનાવ અંગે પોલીસ કંટ્રોલ રૂમ 112માં જાણ કરતાં પોલીસ પહોંચી હતી. આ મામલે તેમણે બે અજાણ્યા શખ્સો વિરુદ્ધ પોલીસની ખોટી ઓળખ આપી રૂ.2.50 લાખના સોનાના દાગીનાની છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા છાણી પોલીસે આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

# MSUમાં ૧૨મીથી ડિગ્રી પ્રમાણપત્ર વિતરણની જાહેરાત

(પ્રતિનિધિ) વડોદરા તા.7

મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના 75મા વાર્ષિક પદવીદાન સમારોહ બાદ પરીક્ષા વિભાગે ડિગ્રી પ્રમાણપત્ર વિતરણ અંગે જાહેરાત કરી છે. સમારોહમાં રૂબરૂ હાજર રહી ડિગ્રી મેળવવા માટે ફી ભરનાર વિદ્યાર્થીઓને સંબંધિત ફેકલ્ટીમાંથી પ્રમાણપત્ર આપવામાં આવી રહ્યા છે.

સમારોહ પહેલાં ડિગ્રી માટે અરજી ન કરનાર વિદ્યાર્થીઓએ મુખ્ય કચેરીના સ્ટુડન્ટ ફેસિલિટી સેન્ટર ખાતે ગેરહાજર ડિગ્રી માટેનું ફોર્મ ભરી ફી ચૂકવવાની રહેશે. 12 ઓક્ટોબરથી સવારે 11થી 1:30 અને બપોરે 3થી 5:30 દરમિયાન પ્રમાણપત્ર મેળવી શકાશે. ફોર્મ અને ફી જમા કરાવ્યા બાદ તે જ દિવસે ડિગ્રી અપાશે. વિદ્યાર્થીઓએ માન્ય ઓળખપત્ર અને ફીની પહોંચ રજૂ કરવી પડશે. પ્રતિનિધિ મારફતે ડિગ્રી મેળવવા સત્તાપત્ર તથા બંનેના ઓળખપત્ર જરૂરી રહેશે.

પોલિયો વર્કર્સને દૈનિક રૂ. ૭૫નું પ્રોત્સાહક ભથ્થું આપવામાં આવશે

# VMC સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં વિકાસ કામોના રૂ. ૩૮ કરોડથી વધુના પ્રપોઝલ પર નિર્ણય લેવાશે

**યોગ સેન્ટરની** ફાળવણી અને ગરબા સ્પર્ધા માટે રૂ. ૧૦ લાખનું બજેટ મંજૂર કરવા ભલામણ કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક ૯ ઓક્ટોબરે સાંજે ૫:૦૦ કલાકે સમિતિખંડ ખાતે યોજાનાર છે. સેક્રેટરી દ્વારા જાહેર કરેલા કાર્યક્રમ મુજબ, બેઠકમાં શહેરના સર્વાંગી વિકાસ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને જાહેર સેવાઓને લગતા કુલ ૧૪ મહત્વના કામો નિર્ણય માટે મ્યુનિસિપલ કમિશનરની ભલામણ સાથે રજૂ કરવામાં આવશે. બેઠકની મુખ્ય દરખાસ્તોમાં સેન્ટ્રલ સ્ટોર વિભાગ દ્વારા શહેરના વિવિધ ઝોન અને વોર્ડ વિસ્તારમાં જરૂરી ૧૦૦ મીમીથી ૨૫૦ મીમી ડાયાની ડી.આઈ. કે-૭ પાઈપોની ખરીદી માટે રૂ. ૧૦.૦૦ કરોડની મર્યાદામાં મે. ઈલેક્ટ્રોસ્ટીલ કાસ્ટીંગ લિમિટેડ પાસેથી ખરીદી કરવાની ભલામણનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, રોડ પ્રોજેક્ટ શાખા હેઠળ છાણી રવિ શિખરથી છાયાપુરી રેલ્વે સ્ટેશન થઈ સોખડા ગરનાળા સુધીનો રસ્તો બનાવવા માટે રૂ. ૨.૩૬ કરોડથી વધુના ખર્ચની દરખાસ્ત મંજૂરી માટે મુકાશે. શહેરની જાહેર પરિવહન સેવાઓને સુદ્રઢ બનાવવાના ભાગરૂપે મિકેનિકલ ખાતા દ્વારા ઈ-સિટી બસ સંચાલન માટે ETM મશીન અને ટિકિટિંગ સોફ્ટવેર સાથે ૫ વર્ષ માટે ફેર કલેક્શનની કામગીરી મે. દિગ્વિજય એન્ટરપ્રાઈઝને રૂ. ૨૬.૫૫ કરોડના ખર્ચે સોંપવાની દરખાસ્ત પણ રજૂ કરાશે. આરોગ્ય ક્ષેત્રે પલ્સ પોલિયો કાર્યક્રમ અંતર્ગત કામ કરતા તમામ કાર્યકરો અને સુપરવાઈઝરોને દૈનિક રૂ. ૭૫ પ્રોત્સાહક રકમ મંજૂર કરવા તથા કમિશનરને સત્તા સોંપવા અંગે ચર્ચા હાથ ધરાશે. દબાણ અને સિક્યુરિટી વિભાગ અંતર્ગત ખટંબા-૧ અને ખાટિવાડી પશુ આશ્રય કેન્દ્રની કામગીરી આઉટસોર્સિંગથી મે. માધુરી એજ્યુકેશન ટ્રસ્ટને સોંપવાની દરખાસ્તો પણ સામેલ છે. ટુરિસ્ટ વિભાગ દ્વારા ગોત્રી અને માંજલપુર ખાતેના યોગ સેન્ટરો EOI/ટેન્ડર પ્રક્રિયાથી ફાળવવા, ઘન કચરા વ્યવસ્થાપન માટે કન્સલ્ટિંગ એજન્સીની મુદતમાં ૨ વર્ષનો વધારો કરવા તેમજ નવરાત્રિ નિમિત્તે શહેર કક્ષાની ગરબા સ્પર્ધાના આયોજન માટે રૂ. ૧૦ લાખના ખર્ચને મંજૂરી આપવા બાબતે આ આયોજિત બેઠકમાં આખરી નિર્ણય લેવામાં આવશે.

ડી.આઈ. પાઈપ ખરીદી રૂ. ૧૦ કરોડના ખર્ચે થશે, ઈ-બસ સેવાના ETM મશીન અને સોફ્ટવેર માટે રૂ. ૨૬.૫૫ કરોડનો કોન્ટ્રાક્ટ અપાશે, રોડ પ્રોજેક્ટ હેઠળ છાણી-છાયાપુરી-સોખડા રોડ માટે રૂ. ૨.૩૬ કરોડ મંજૂર થશે, આરોગ્ય ક્ષેત્રે પોલિયો વર્કર્સને દૈનિક રૂ. ૭૫ પ્રોત્સાહક ભથ્થું મળશે, તથા શહેર કક્ષાની ગરબા સ્પર્ધા માટે રૂ. ૧૦ લાખનું બજેટ મંજૂર કરવામાં આવશે.

# ગોવર્ધન ટાઉનશીપ પાસે કાર-એક્ટીવા અકસ્માતમાં માતા-દીકરી ઈજાગ્રસ્ત

**પોલીસ** તપાસમાં કારચાલક નશામાં ન હોવાનુ ખુલ્યુ

**અકસ્માત** બાદ પોલીસ સ્ટેશને પહોંચ્યો, બંને પક્ષે સમાધાન

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરામાં ગોવર્ધન ટાઉનશીપ પાસે કારચાલકે નશાની હાલતમાં એક્ટીવાને ટક્કર મારી માતા-દીકરીને ગંભીર ઈજા પહોંચાડી કાર સ્થળ પર મૂકીને ફરાર થઈ ગયો હોવાના દાવા સાથે સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોની હકીકત અલગ હોવાનું કપુરાઈ પોલીસની તપાસમાં સામે આવ્યું છે. પોલીસે સ્પષ્ટતા કરી છે કે કારચાલક નશામાં નહોતો અને અકસ્માત બાદ ફરાર થવાને બદલે પોતે જ પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. અકસ્માતમાં ઈજાગ્રસ્ત માતા-દીકરી સારવાર હેઠળ છે, જ્યારે બંને પક્ષો વચ્ચે સમાધાન થતાં હાલ કોઈ પોલીસ ફરિયાદ કરવામાં આવી નથી.

વડોદરામાં ગોવર્ધન ટાઉનશીપ પાસે કારચાલકે નશાની હાલતમાં એક્ટીવાને ટક્કર મારી માતા-દીકરીને ગંભીર ઈજા પહોંચાડી કાર સ્થળ પર મૂકી ફરાર થયો હોવાના દાવા સાથે વાયરલ થયેલા વીડિયોની હકીકત અલગ હોવાનું કપુરાઈ પોલીસની તપાસમાં સામે આવ્યું છે. તા.6ની રાત્રે અકસ્માતની જાણ થતાં 112ની ટીમ અને કપુરાઈ પોલીસ સ્થળ પર પહોંચી હતી. અકસ્માતમાં એક્ટીવા પર સવાર માતા-દીકરીને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસે કારની તપાસ કરતાં કોઈ નશાકારક પદાર્થ મળ્યો નહોતો. દરમિયાન હ્યુન્ડાઈ વેન્યુનો ચાલક પોતે જ કપુરાઈ પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. પોલીસે બ્રેથ એનેલાઈઝરથી તપાસ કરતાં કારચાલકે નશો કર્યો હોવાનું જણાયું નહોતું. તપાસમાં એક્ટીવા રોડની કટ ક્રોસ કરતી વખતે હાઈવે તરફથી આવતી કાર સાથે અથડાઈ હોવાનું સામે આવ્યું હતું.

# બુલેટ ટ્રેનની રૂ.૧.૭૮ લાખની સાધનસામગ્રી ચોરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરાના વડસર ગામે બુલેટ ટ્રેન પ્રોજેક્ટની સુરક્ષામાં બેદરકારી સામે આવી છે. કાંસા રેસિડેન્સી સામે થાંભલા નં.390/02 નજીક ખુલ્લામાં મુકેલી રૂ.1.78 લાખની સાધનસામગ્રી ચોરાઈ જતાં ફરિયાદ નોંધાઈ છે.

L|T કંપની દ્વારા વર્ષ 2021થી અહીં બુલેટ ટ્રેનનું કામ ચાલી રહ્યું છે. સાધનસામગ્રી છેલ્લા ત્રણ મહિનાથી ખુલ્લી જગ્યામાં રાખવામાં આવી હતી. 6 ઓક્ટોબરે સિક્યુરિટી સુપરવાઈઝર સંતોષકુમાર શુક્લા સ્થળે પહોંચતા સામાન ગાયબ હોવાનું જણાયું હતું.

ચોરીમાં રૂ.80 હજારનો કોપર વાયર, રૂ.54 હજારનું ટોટલ સ્ટેશન મશીન, રૂ.20 હજારનું હેમર મશીન, રૂ.14 હજારનું ડ્રિલ મશીન અને રૂ.10 હજારનું સળીયા કાપવાનું મશીન સામેલ છે. અજાણ્યા શખ્સ સામે ફરિયાદના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.

કામ બાબતે તકરારની અદાવતમાં ભાઈ-બહેને પેટ-માથામાં ઘા ઝીંક્યાનો આક્ષેપ

# મહારાજાનગર બ્રિજ નીચે યુવક પર ધારદાર હથિયારથી હુમલો

**લોહીલુહાણ** યુવકને મિત્રો બાઈક પર સયાજી હોસ્પિટલ લઈ ગયા, પોલીસ તપાસ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા તા.7

શહેરના સયાજીગંજ વિસ્તારમાં મહારાજાનગર બ્રિજ નીચે ધોળેદિવસે યવક પર ધારદાર હથિયારથી હુમલો થતાં ચકચાર મચી છે. આદર્શ શ્રીરામ પટેલ નામના યુવક પર અરુણ સૂર્યવંશી અને તેની બહેન સુનિતાએ હુમલો કર્યો હોવાનો આક્ષેપ થયો છે. કામ બાબતે થયેલી તકરાર અને અગાઉની અદાવતને પગલે હુમલો કરાયો હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યું છે.



પીડિત આદર્શ પટેલના આક્ષેપ મુજબ આરોપીઓ અગાઉ તેને દારૂ પીવડાવી ગેરકાયદે ધંધામાં સાથ આપવા દબાણ કરતા હતા. જોકે, તેણે ગેરકાયદે પ્રવૃત્તિમાં જોડાવાનો ઈનકાર કરતાં તેની સાથે અદાવત રાખવામાં આવી હતી. ઘટનાના દિવસે આરોપીઓએ તેને રસ્તામાં રોકી બોલાચાલી કરી હતી. ત્યારબાદ તકરાર ઉગ્ર બનતાં ઓપરેશનલ બ્લેડ સહિતના ધારદાર હથિયાર વડે તેના પેટ અને માથાના ભાગે હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત આદર્શ લોહીલુહાણ હાલતમાં રસ્તા પર ફસાઈ ગયો હતો. બાદમાં તેના મિત્રો તેને બાઈક પર સયાજી હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. ઘટનાની જાણ થતાં સયાજીગંજ પોલીસ હોસ્પિટલ પહોંચી હતી અને પીડિતનું નિવેદન નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસે અરુણ અને સુનિતાની ધરપકડ સહિત અન્ય સંડોવાયેલા શખ્સોને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી છે.

### યુવક પર હુમલો, ભાઈ-બહેન ઝડપાયા



સયાજીગંજના મહારાજા નગરમાં દુકાનનું કામ ન કરવા બાબતે થયેલી બોલાચાલી ઉગ્ર બનતાં અરૂણ ઉર્ફે મગર અને તેની બહેન સુનીતાએ યુવક પર બ્લેડ જેવા તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો. પેટથી છાતી સુધી ઘસરકો મારી બંને ફરાર થયા હતા. પોલીસે હ્યુમન સોર્સની બાતમીથી ગણતરી કલાકોમાં બંનેને ઝડપી પાડ્યા હતા.

ભ્રામક તબીબી જાહેરાતો પર NMCની લગામ

# '૧૦૦% ગેરંટીડ ઈલાજ' જેવા દાવા અને અતિશયોક્તિભરી જાહેરાતો પર પ્રતિબંધ

**દર્દીની** મંજૂરી વિના ફોટા-મેડિકલ રેકોર્ડના ઉપયોગ બદલ કાર્યવાહી

(પ્રતિનિધિ) વડોદરા તા.7

તબીબી વ્યવસાયની ગરિમા જાળવી રાખવા અને સ્વાસ્થ્ય સેવાઓના વધતા જતા વેપારીકરણને રોકવા માટે રાષ્ટ્રીય આયુર્વિજ્ઞાન આયોગ (NMC) દ્વારા એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. આયોગના એથિક્સ એન્ડ મેડિકલ રજિસ્ટ્રેશન બોર્ડ દ્વારા હોસ્પિટલો, તબીબી સંસ્થાઓ અને રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનર્સ માટે નૈતિક જાહેરાતો અને જાહેર સંચાર અંગેની નવી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. આ નવા નિયમોનો મુખ્ય ઉદ્દેશ્ય દર્દીઓના હિતોનું રક્ષણ કરવાનો અને ગેરમાર્ગે દોરતી તબીબી જાહેરાતો પર અંકુશ મેળવવાનો છે.

આ નવી માર્ગદર્શિકા અનુસાર, કોઈપણ ડોક્ટર કે હોસ્પિટલ દ્વારા સોશિયલ મીડિયા, ડિજિટલ પ્લેટફોર્મ કે અન્ય માધ્યમો દ્વારા ભ્રામક દાવાઓ, અતિશયોક્તિભરી સફળતાની કહાનીઓ, '૧૦૦% ગેરંટીડ ઈલાજ' કે 'સૌથી શ્રેષ્ઠ ડોક્ટર' જેવા શબ્દોનો ઉપયોગ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ ઉપરાંત, દર્દીઓની પૂર્વસંમતિ વિના તેમના ફોટોગ્રાફ્સ, મેડિકલ રેકોર્ડ્સ કે 'પહેલાં અને પછી' ની તસવીરોનો પ્રચાર માટે ઉપયોગ કરવા પર પણ રોક લગાવવામાં આવી છે. આ નિયમોનો ભંગ કરનાર તબીબો સામે રાજ્ય મેડિકલ કાઉન્સિલ દ્વારા દંડથી લઈને રજિસ્ટ્રેશન સસ્પેન્ડ કરવા સુધીની કડક શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે.